# પોલીટેક્નિક ઇન ફૂડ સાયન્સ એન્ડ હોમ ઇકોનોમિક્સ દ્વારા રાષ્ટ્રિય પોષણ સપ્તાહ ની ઉજવણી

રાષ્ટ્રિય પોષણ સપ્તાહ (૧ થી ૭ સપ્ટેમ્બર, ૨૦૧૯) ની ઉજવણી ના ભાગરૂપે પોલીટેક્નિક ઇન ફૂડ સાયન્સ એન્ડ હોમ ઇકોનોમિક્સ, આ.કૃ.યુ., આણંદ દ્વારા જુદી જુદી સ્પર્ધાઓનું આયોજન કરવામાં આવ્યુ હતું. તા.૩/૯/૨૦૧૯ ના રોજ પૌષ્ટિક વાનગી સ્પર્ધાનું આયોજન કરવામાં આવેલ જેમાં પ્રથમ સ્થાને કાલે પ્રિયંકા દિપકભાઇ અને બીજા સ્થાને પટેલ પ્રણવકુમાર મહેશભાઇ આવ્યા હતા.

તા. ૪/૯/૨૦૧૯ ના રોજ પોસ્ટર સ્પર્ધા આયોજીત થઇ જેમાં પ્રથમ વર્ષના વિદ્યાર્થીઓની સ્પર્ધા ‘બેટી બચાવો’ વિષય પર રાખવામાં આવેલ જેમાં પ્રથમ નંબરે વાઘેલા નિધી રાજેશકુમાર અને બીજા નંબરે પિત્રોડા જાનવી ભાવેશકુમાર આવ્યા હતા. બીજા વર્ષના વિદ્યાર્થીઓની સ્પર્ધાનો વિષય ‘વ્યસનમુક્તી’ હતો જેમાં બારીયા પ્રિયાંશુ નરેન્દ્રભાઇ પ્રથમ અને પાનેરા ઉપલબેન અરજનભાઇ દ્વિતીય સ્થાને આવેલ. ત્રીજા વર્ષના વિદ્યાર્થીઓની પોષણ અને આહાર વિષય પર સ્પર્ધા આયોજીત થઇ હતી જેમાં પ્રથમ વિજેતા પટેલ નિલકુમાર દિપકભાઇ અને દ્વિતીય વિજેતા પટેલ હર્ષિકેશ મહેશભાઇ ને ઘોષિત કરવામાં આવેલ.

તા. ૫/૯/૨૦૧૯ ના રોજ વિદ્યાર્થીઓ દ્વારા શિક્ષક દિવસ ની ઉજવણી કરવામાં આવેલ જેમાં કોલેજ ના પ્રિન્સીપાલશ્રી ડૉ. કે.બી. કામળીયા દ્વારા વિદ્યાર્થીઓને ખૂબ જ પ્રોત્સાહિત પ્રવચન આપવામાં આવ્યું હતું.

તા. ૬/૯/૨૦૧૯ ના રોજ ડ્રામા ની સ્પર્ધા રાખવામાં આવેલ જેમાં બીજા વર્ષના વિદ્યાર્થીઓ દ્વારા પ્રસ્તુત ડ્રામા “આજ સે થોડા કમ, આજ સે થોડા કમ” વિજયી જાહેર કરવામાં આવેલ.

તા. ૭/૯/૨૦૧૯ ના રોજ ક્વિઝ સ્પર્ધા રાખવામાં આવેલ જેમાં જનરલ નોલેજ, સ્પોર્ટ્સ અને પોષણ અને આહાર એમ ત્રણ રાઉન્ડ રાખવામાં આવેલ. આ સ્પર્ધામાં ત્રીજા વર્ષના વિદ્યાર્થીઓની ટીમ અપરનાથી અજયગીરી હરસુકગીરી અને પટેલ સૃષ્ટિ કલ્પેશકુમાર વિજયી બન્યા હતા.

રાષ્ટ્રિય પોષણ સપ્તાહ ની ઉજવણી દરમ્યાન તા. ૩/૯/૨૦૧૯ ના રોજ વિદ્યાર્થીઓ દ્વારા બનાવવામાં આવેલ ઇકોફ્રેન્ડલી ગણપતિ ની સ્થાપના કરવામાં આવે હતી અને કોલેજમાં એક આધ્યાત્મિક વાતાવરણ સ્થાપિત કરવામા આવ્યું છે.

આ સમગ્ર કાર્યક્રમો દરમ્યાન કોલેજના પ્રિન્સીપાલશ્રી, સ્ટાફગણ અને વિદ્યાર્થીઓ દ્વારા ખૂબ જ સાથ સહકાર આપીને આ ઉજવણી ને સફળ બનાવી હતી.

## ડ્રામા સ્પર્ધા




## પોસ્ટર સ્પર્ધા




## વાનગી સ્પર્ધા



# ક્વિઝ સ્પર્ધા


NUTRITION WEEK CELEBRATION
1-7 September 2K19
Competition (7-9-19)

